Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૮૩ મું
અંક ૧૨
૧૦ સપ્ટેમ્બર

આસો

વીર સં. ૨૪૯૩
વિ. સં. ૨૦૨૩
ઇ. સ. ૧૯૬૭


(૧૧૩) दुमपत्तए पंडुयए जहा निवडइ राइगणाण अच्चए ।
एवं मणुयाण जीवियं, समयं गोयम ! मा पमायए ॥ १ ॥

૧૧૩. રાત્રીઓ વીતતાં જેમ વૃક્ષોનાં પાકાં પીળાં પડી ગયેલાં પાંદડાં આપોઆપ ખરી પડે છે, તેમ જ મનુષ્યોનું જીવન ગમે ત્યારે ખરી પડનારૂં છે. માટે હે ગૌતમ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી વર્દ્ધમાન મહાવીર : મણકો બીજો-લેખાંક : ૨૫ | (સ્વ. મૌક્તિક) | ૮૧ |
| ૨ | સમાલોચના .... .... .... .... | | ટાઇટલ પેજ ૨ |
| ૩ | જપ અને ધ્યાન : (લેખાંક ૧૧) | (દીપચંદ જીવણલાલ શાહ) | ૯૭ |
| ૪ | જ્ઞાન જ્યોત | (શાહ ચતુર્ભુજ જેચંદ) | ૧૦૦ |
| ૫ | શ્રી જૈનધર્મ પ્રકાશ : સંવત ૨૦૨૩ના કાર્તિક માસથી આસો માસ સુધીની વાર્ષિક અનુક્રમણિકા | | ૧૦૩ |
| ૬ | શ્રી ફતેહચંદ ઝવેરભાઈની સંક્ષિપ્ત જીવન ઝરમર | | ટા. પેજ ૩ |
| ૭ | શ્રી નગીનદાસ કરમચંદ સંઘવીની સંક્ષિપ્ત જીવન ઝરમર | | ટા. પેજ ૪ |


# समालोचना

શ્રી મહેન્દ્ર જૈન પંચાગ : વર્ષ ૩૩મું વિક્રમ સંવત ૨૦૨૪ના કાર્તિકથી સં. ૨૦૨૪-૨૦૨૫ ફાગણ સુધી ઈ. સ. ૧૯૬૭-૬૮-૬૯. કિંમત રૂા. ૧-૫૦. કર્તા:—આચાર્ય વિજયવિકાશચંદ્રસૂરિ. પ્રકાશક-શંભુલાલ જગશીભાઈ શાહ, ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય : ગાંધીરોડ, અમદાવાદ.

આ પંચાંગમાં તિથિ વગેરેનું ગણિત આચાર્ય શ્રી મહેન્દ્રસૂરીજી મહારાજના યંત્રરાજ ગ્રંથમાં બતાવેલ પદ્ધતિ પ્રમાણે કરેલ હોવાથી આ પંચાગનું નામ 'શ્રી મહેન્દ્ર જૈન પંચાગ' રાખેલ છે. આ આખું પંચાંગ ઘડીપળને બદલે કલાક મિનિટમાં આપેલ છે. પંચાંગમાં સ્ટાન્ડર્ડ ટાઈમ આપવામાં આવેલ છે. દૈનીક રાશી, ગ્રહો, કાંતિ તથા લગ્નો સહિત સૌથી સૂક્ષ્મ ગણિતવાળું આ પંચાગ છે, તેથી જનતાને આ પંચાંગ બહુ ઉપયોગી થશે.

---

## આભાર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલિક શેઠશ્રી ભોગીલાલભાઈ નગીનદાસ જેઓ આપણી સભાના લાઈફ મેમ્બર પણ છે, તેમના તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ વિ. સંવત ૨૦૨૪ની સાલના કાર્તિકી પંચાંગ સભાના સભાસદ બંધુઓ તેમજ શ્રી જૈન ધર્મ પ્રકાશ માસિકના ગ્રાહક બંધુઓને ભેટ આપવા માટે મોકલવામાં આવેલ છે, જે આસો માસના અંક સાથે રવાના કરેલ છે. તેઓશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે આભાર.

---


શારદાપૂજન વિધિ

## જૈન વિધિ પ્રમાણે વહીપૂજન કરો

જૈન વિધિ પ્રમાણે વહીપૂજન શારદાપૂજન કરવું તે ફાયદાકારક છે, આ વિધિમાં પ્રાચીન શારદાસ્તોત્ર અર્થ સાથે છાપવામાં આવેલ છે. અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીના છંદો પણ સાથોસાથ આપવામાં આવેલ છે, તો દીપોત્સવી જેવા મંગળકારી દિવસોમાં આ માંગલિક વિધિ પ્રમાણે પૂજન કરવું તે અત્યંત લાભકારક છે. વાંચવી સુગમ પડે તે માટે ગુજરાતી ભાષામાં જ છાપવામાં આવી છે.

કિંમત : દશ પૈસા :: સો નકલના રૂ. ૧૦-૦૦

લખો :-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૩ મું અંક ૧૨ | આસો | વીર સં. ૨૪૯૩ વિક્રમ સં. ૨૦૨૩

## શ્રી વર્દ્ધમાન-મહાવીર

મણકો ૩ જો :: લેખાંક : ૨૬

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

મહાવીરના જીવે તો આવાં અનેક અતિથિ સંવિભાગ વ્રત કર્યાં અને પોતાનું જીવન સફળ કર્યું. હવે આ બાર વ્રત ઉપરાંત કેવું ગૃહસ્થ યોગ્ય જીવન જીવ્યા અને અનેક પર સારી સલાહ દ્વારા ઉપકાર કર્યા તે અનુકરણીય હોવાથી આવતા પ્રકરણમાં જોશું. એ વાત ઉપર ઉપરથી વાંચી જવા યોગ્ય નથી, પણ જીવનમાં ઉતારવા યોગ્ય છે અને એ પ્રકારનું જીવન જીવાય તે જ મનુષ્યભવની ખરી સફળતા છે. બાકી તો આ જીવે અનંતાભવ કર્યા, અનેક ગતિઓમાં જઈ આવ્યો, પણ એનું કાંઈ તારતમ્ય નીકળ્યું નહીં. તે તો અનેક ગતિમાં જા આવ કર્યા જ કરે છે. આ ભ્રમણનો છેડો લાવવા માટે આ બાર વ્રતો બહુ સુંદર છે અને તેની પ્રક્રિયા કરતાં મન જે આનંદમાં આવે છે અને સાધ્યને સન્મુખ કરે છે તેમાં જ આ મનુષ્યભવ પ્રાપ્તિની સફળતા રહેલી છે; બાકી 'કાગડો પણ ઘણો કાળ જીવે છે અને બલી ખાય છે, જે મળે તે ખાય છે.' એમાં કાંઇ લાભ નથી અને ચક્રભ્રમણનો અંત નથી. અત્યારે જે તક સાંપડી છે તેનો પૂરેપૂરો લાભ લેવા જેવું છે અને તેમાં કોઇ પ્રકારના ગોટા વાળવા જેવું નથી કે વહાડી લેવા જેવું નથી. આપણે જવાબ આપણી જાતને જ આપવાનો છે અને જ્યાં સુધી મોક્ષ પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જા આવ કરવી અને આંટા ખાવાની આપણી અનાદિની ટેવ ચાલુ જ છે, પણ યોગ્ય પ્રકારની પ્રવૃત્તિ એનો છેડો લાવી મૂકે તેમ છે અને તે સમજવું તે ભવની સફળતાની ચાવી છે. આ વિભાગને તેટલા માટે વાર્તારૂપે ન વાંચી જતાં એનો ક્રિયામાં ઉતારવા પ્રયાસ કરવો અને તે માટે તેના પ્રત્યેક વિભાગને પચાવવું તે પ્રકારનું આ પુસ્તક છે.

### પ્રકરણ ૨૨ મું.

**મહાવીરનો ગૃહસ્થાશ્રમ (૬)**

આ બારવ્રતમાં એવી ગોઠવણ છે કે ગૃહસ્થ ધર્મની એની સર્વ ફરજો અને જવાબદારીઓ તેમાં આવી જાય, છતાં કેટલીક વાત ખાસ બતાવવા લાયક હોઈ અહીં તેનો નિર્દેશ કરવો યોગ્ય માનવામાં આવે છે.

પ્રથમ તો એ વાત યાદ રાખવી કે આ ચરિત્રનો વિચાર કરતાં આપણે એક ક્ષત્રિયને માટે વિચાર કરીએ છીએ. યૌવન, ધનસંપત્તિ, પ્રભુતા અને અવિવેકીતા એ પ્રત્યેક અનેક અનર્થને લાવે છે, પણ પ્રભુ પોતે જુવાન વયના હોવા છતાં અને સંપત્તિમાં ખૂબ વિપુલ હોવા છતાં, તેમજ રાજપુત્ર હોવાથી પ્રભુતાવાલા હતા, તેમનું વચન માન્ય કરવાનો પ્રજાનો દાવો હતો અને તેઓનો પડ્યો બોલ ઉપાડી લેવામાં પોતે પોતાની જાતને રાજ્યમાન મળ્યું છે, છતાં આવા મહત્ત્વના અને અનુકરણીય પુરૂષને અંગે આપણને કોઈ ગ્રંથનું સાધન મળતું નથી. ગ્રંથકારો અને ચરિત્રકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોએ એમની માતાને આવેલાં સુપનોનું ખૂબ વિસ્તારથી વર્ણન કર્યું છે. પ્રભુની ઝાડની રમત અને ક્રીડા ખૂબ વિસ્તારથી વર્ણવી છે અને પ્રભુના વિશાળ ગરણામાં સારો રસ લીધો છે, પણ પ્રભુ કેવી રીતે ગૃહસ્થ જીવન જીવ્યા તે માટે મને કોઈ આધારભૂત ગ્રંથ અથવા ગ્રંથનો વિભાગ હજુ સુધી મળ્યો નથી.

તેથી આ અતિ મહત્ત્વના ખાસ અગત્યના જીવન વિભાગને અંગે મેં મારી કલ્પના દોડાવી છે. એથી એ વિભાગને અંગે કાંઇ સ્ખલના કે અતિશયોક્તિ દેખાય તો વાંચનાર ક્ષમા કરે. ગૃહસ્થવર્ગ આ પુસ્તક ખાસ વાંચનાર હોઈ એ અનુકરણીય ગૃહસ્થ જીવન કેવા પ્રકારનું હતું તે ખાસ ઉપયોગી વિભાગ ગણાય, અને તે સંબંધમાં ભાષાશાસ્ત્રને અંગે અનેક ગ્રંથો હોવા જોઇએ અથવા દરેક ચરિત્રનો તે મહત્ત્વનો વિભાગ ગણાવો જોઇએ. એ સંબંધમાં આપણી ઇચ્છા પાર પડે તેવું આધારભૂત કોઈ સાધન મળી શક્યું નથી. એથી કલ્પના પર જ મેં આધાર રાખ્યો છે એ અહીં સ્પષ્ટતાપૂર્વક જણાવી દેવામાં મારી ફરજ સમજું છું.

મહાવીર રાજાના ફટાયા કુંવર હતા. તેઓ ગૃહસ્થ તરીકે રાજકાજમાં ભાગ લેતા હતા અને જરૂરી કામકાજ સર્વ કરતા હતા. તેમની નજર સર્વ સંગત્યાગની હતી. તેઓ સંસાર છોડવાને આખો વખત આતુર હતા, પણ પોતે માતાના ઉદરમાં કરેલા નિયમને નિમકહલાલ રહેવા તેટલા જ આદર હતા. માત–પિતાનો વગર જોયે કરેલો સ્નેહ વિચારી તેમણે નિર્ણય કર્યો હતો કે જ્યાં સુધી માતપિતા જીવતા હશે ત્યાં સુધી પોતે દીક્ષા નહીં લે. આથી પોતાનો સંસાર ત્યાગનો વિચાર હોવા છતાં તેઓ સંસારને વળગી રહ્યા હતા. આ રીતે ત્યાગ અને અત્યાગ વચ્ચે ઝોલા ખાનારના જેવું જીવન તેઓ જીવી રહ્યા હતા અને સંસારમાં રહેવા છતાં કોઇપણ કામ સંસારને લગતું તેઓ અત્યંત આનંદપૂર્વક કરતા ન હતા અને તેથી જે કામ સંસારનું કરતા તેમાં તેઓનું દીલ નહોતું, પણ સર્વ કાર્ય કરતા તો હતા.

તેઓ અનેક લોકોના સંબંધમાં આવતા હતા અને સંપૂર્ણ સત્તા ભોગવતા હતા, પણ સત્તાએ તેમને આંધળા અથવા અવિચારક નહોતા બનાવ્યા, અને એ લોકપ્રિય અમલદારનુ વચન પ્રજાને માન્ય હતું. રાજ્યમાં ઘણા લોકપ્રિય હોવા છતાં તેઓશ્રી પ્રજાની જરૂરીઆતો અને તંગીઓ વિચારનારા હોઈ પ્રજાના સુખ–દુ:ખમાં પણ રાજ્યના હિતનો અવિરૂદ્ધપણે પાળતા હતા અને લોકો પણ આવા લોકપ્રિય રાજ્યદ્વારી અમલદાર તરફ ઘણું હેત દાખવતા હતા. તે એટલે સુધી કે કોઇ અંદર અંદરની તકરાર થાય તો તેનો નિવેડો કરવામાં તેમનુ નામ જરૂર લેતા અને સામો તકરારી પક્ષ તેમના નામનો પંચાતીઆ તરીકે એકદમ સ્વીકાર કરી લેતા. આ તેમની લોકપ્રિયતાની નિશાની હતી. તેઓ પંચાતમાં જરૂર સાચો જ ન્યાય આપશે એવી બન્ને પક્ષની માન્યતા હોઈ સંમતિ તેમનું નામ પંચાતીઆ તરીકે બન્ને પક્ષ સ્વીકારતો અને તેઓની હકીકતની ઝીણવટમાં ઊતરવાની શક્તિ એવી હતી કે તેઓ જે ફેંસલો કરે તે બન્ને પક્ષ રાજીખુશીથી સ્વીકારતા.

તેઓ બહુ જરૂરી બોલતા, ભાષા ઉપર ઘણો સંયમ રાખતા અને સત્તાએ તેમને આક્રમક બનાવ્યા નહોતા. પોનાની ધારણા જ બરાબર છે એમ તેમણે કદી માન્યું નહિ અને વૈશાલીના ગણરાજ્યનું અનુકરણ કરી તેમણે પ્રજામતને એક સરખું માન આપ્યું. સત્તા એ એવી ચીજ છે કે માણસને તેનો નશો ચડે છે, સત્તા મળ્યા પછી તે ગાંડો થઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે અને પછી કોઈના વિચાર પ્રમાણે ચાલવું તેમાં પોતાની પરતંત્રતા સત્તા સ્થાનવાળા ગણે છે, પણ મહાવીરસ્વામીમાં એવો વિચાર સરખો નહોતો. તેઓ તો લોકમતને અનુસરવામાં ગૌરવ માનનારા હતા અને ઘણીવાર લોકમત શો છે તે જાણવાના પ્રયત્ન પણ કરતા હતા. તેથી તેમની લોકપ્રિયતામાં ઘણો વધારો થયો અને વૈશાલીના ગણરાજ્ય સાથે આ ક્ષત્રિયકુંડનું ગણરાજ્ય પણ ખૂબ વખાણને પામ્યું. તેની રાજસભામાં લોકમાન્ય પ્રતિનિધિની ખાસ ગણના થતી અને તેમના અભિપ્રાય અનુસાર આખા રાજ્યનો વહીવટ ચાલતો. પ્રજાનો મત અને રાજાનો કાબૂ એવા બેવડા ધારા નીચે કામ ચાલતું અને તેથી ક્ષત્રિયકુંડનું ગણરાજ્ય ખૂબ લોકપ્રિય થઈ ગયું હતું અને તેનો મોટે ભાગ યશ વર્ધમાનને કારણે હતો એમ તે વખતના લોકશાસન પત્રો તથા તામ્રપત્રો ઉપરથી જણાય છે.

અને મહાવીરે વસુલાતી ખાતું આખું સુધારી દીધું. તેમાં એક સરખા ધોરણે જમીનની મહેસુલ લેવાતી નહોતી. કોઈની પાસેથી વધારે મહેસુલ લેવાઈ કોઈને અન્યાય ન થઈ જાય તે માટે જરૂરી તપાસ કરવામાં આવતી હતી અને લોકો ઉપર બીજો કોઈ જાતનો કરવેરો લેવામાં આવતો નહોતો. લોકો સર્વ પ્રકારે સુખી હતા અને રાજ્યના અનક પ્રકારે વખાણ કરતા હતા.

કોઈ જાતનો કરવેરો લેવાતો નહિ અને જમીનની મહેસુલ માત્ર ઊઘરાવવામાં આવતી અને તેમાં પણ ખેડુતની સ્થિતિ અને વરસાદની આમદાની ઉપર આધાર રાખવામાં આવતો હતો અને ગરીબ વર્ગની કાકલુદી ભરેલી દાદ ફરિયાદ વિચાર અને ન્યાયપૂર્વક સમજાતી હતી; એટલે આ ક્ષત્રિયકુંડનું રાજ્ય ઘણું અનુકરણીય ગણાતું હતું અને આખા દેશમાં તેવા પ્રકારના રાજ્યની પ્રશંસા થતી હતી.

અને વરસમાં ત્રણ વખત સિદ્ધારથ રાજાની સ્વારી નીકળતી હતી અને તેમાં રાજ્યના અમલદારો ભાગ લેતા હતા અને ખૂદ મહાવીર પણ એવી સવારીમાં ભાગ લેતા હતા. તે જોવાને અનેક લોકો આવતા હતા અને એ સ્વારીમાં પોતે શું શું જોયું અને કોને કોને જોયા તેનું રસપૂર્વક વર્ણન કરતા હતા. રાજ્યનિયમ એવો હતો કે રાજાને ચામર તો હોદ્દા પર પછવાડે બેસી દિવાન જ નાખે, અને મોટા નાના કુંવર તો સ્વારીમાં ઘોડાગાડીમાં જ બેસે. આ રીતની મર્યાદા બરાબર જળવાતી, પણ ડંકા નિશાન અને શણગારેલા હાથીઓની મોટી સંખ્યા અને પછવાડે મોટું લશ્કર ચાલી રાજાની આખી રયાસત ચાલતી અને આ વિવેકસરની પદ્ધતિ લોકો પર ખૂબ અસર કરતી. રાજ્યના મ્યાના પાલખી પણ એ સવારીમાં નીકળતા અને અનેક ઘોડા અને રથો એ સ્વારીને શોભાવતા. તાવદાન અને કોતલના શણગારેલા ઘોડા પણ એ સ્વારીમાં રાજ્ય તરફથી કાઢવામાં આવતા અને આખા પ્રજાજનને એ સ્વારી જોવી એ એક જીવનનો લાહો હતો અને ઘણે દૂરથી એ સિદ્ધારથ રાજાની સ્વારી જોવા આવતા અને પછી દિવસો સુધી તેનું વર્ણન કરવામાં આનંદ પામતા.

અને લેવડ દેવડમાં વર્ધમાનકુમાર યુવાન વય છતાં બહુ પ્રમાણિક હતા. તેઓ કોઈની ગેરવાજબી રકમ પોતે પચાવી જતા નહિ અને રાજકાજ બહુ વિચારપૂર્વક અને દીર્ઘ દૃષ્ટિથી ચલાવતા હતા. તેઓ પોતે વેપારી ન હોવા છતાં વેપારીની સર્વ મુશ્કેલીઓ સમજતા અને તે દૂર કરવામાં રાજ્યની સહાય કરવાની પોતાની ફરજ સમજતા હતા. તેઓ વેપાર ઉપર ઝીણવટથી નજર રાખતા અને પોતાના રાજ્યના વ્યાપારનું હિત યોગ્ય રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેમ વધે તે ખૂબ બારીકાઈથી જોતા હતા. પણ તેમાં એક પણ સ્થાને તેઓ અપ્રમાણિકપણાને સ્થાન આપતા જ નહિ અને પ્રજાના હિતને અને રાજ્યના હિતને અવિરોધપણું છે એ એમણે બરાબર રીતે બતાવી આપ્યું હતું અને રાજ્યની ફરજ વ્યાપાર વધારવાની છે તે તેમણે પોતાના વર્તનથી બતાવી આપ્યું હતું. રાજ્યની બહાર જતી ચીજો ઉપર કોઇ જાતનો કરવેરો તેમણે નાખ્યો નહિ અને રાજ્ય બહારથી આવતી ચીજો ઉપર પણ કોઈ જાતનો કર નાખ્યો નહિ. આથી વેપારીલોકોને તો મધ્યમસરનો એક સરખો લાભ લાભ ને લાભ જ હતો.

અને તે કાળમાં ચોરી એ મોટામાં મોટો ગુનો ગણવામાં આવતો હતો. ચોરને સખતમાં સખત સજા કરવી એ રાજ્યધર્મ ગણવામાં આવતો હતો અને તે વાતની મહાવીરે કોટવાળને અનેકવાર તાકીદ પણ આપી હતી. આથી લોકો પોતાના જાન માલ માટે સલામત એટલે સુધી થઈ ગયા હતા કે પોતાનાં ઘરને તાળુ પણ વાસવાની જરૂરિયાત જોતા નહીં, અને આ જાતની સલામતિનો પૂરતો લાભ લેતા હતા. ચોરને ગધેડે બેસાડવામાં આવતો હતો અને ચોરીની સજામાં શૂળી પર ચડાવી ચોરને તફડાવવામાં આવતો હતો. કદાચ કોઇ ચોરી કરે તો આવી આકરી સજા થાય છે એમ વાત ચાલતી હોવાથી કોઇ હલકી વૃત્તિનો માણુસ પણ ચોરીનાં કામમાં પડતો નહિ અને આ પ્રકારની નસીઅત લોકોને શુદ્ધ માર્ગ ઉપર રાખવામાં કારગત થઇ પડતી હતી આ બાબતમાં મહાવીર પણ ચોક્કસ હતા અને જો કે તેઓની વૃત્તિ સર્વ સંગનો ત્યાગ કરવાની હતી, છતાં પણ રાજ્ય ચલાવવાનું હતું તે વાતથી તેઓ જાણીતા હતા સંપૂર્ણ અને અનેક વ્યાપારીઓ દેશ પરદેશનો વેપાર ક્ષત્રિયકુંડમાં કરતા હતા અને ક્ષત્રિયકુંડની પ્રજાની સામાન્ય સ્થિતિ બહુ સારી અને અનુકરણીય ગણાતી હતી અને પોતે સ્વતંત્ર ગણરાજ્યનો એક ભાગ હોઈ સારી રીતે રાજ્યને ચલાવવામાં પોતાનો ફાળો બહુ ઓછું બોલીને આપવાની ફરજ વિચારી રહ્યા હતા.

અને ક્ષત્રિયકુંડમાં અનેક માણસોને લશ્કરી તેમજ દિવાની ખાતામાં રાખવામાં આવતા હતા, તેમાં કોઇ ઉપર કશી મહેરબાની બતાવવામાં આવતી નહોતી, કોઇની લાગવગ ચાલતી નહોતી અને એકંદરે જનતા સુખી હતી.

મહાવીર–વર્દ્ધમાનનું સાત હાથનું શરીર અને કોઈ પણ પ્રકારના વ્યાધિની ગેરહાજરી એ આવા આદર્શ વહીવટનું એક કારણરૂપે બની ગઇ હતી અને કર વગરનો રાજ્યનો વહીવટ સુંદર રીતે ચાલતો હતો.

કોઇ જાતની ગૂંચવણ હોય તો વર્દ્ધમાનકુમાર સર્વને સાચી અને સારી સલાહ વગર ફીએ આપતા હતા અને તેથી તેની લોકપ્રિયતામાં ઘણો વધારો થઇ ગયો હતો. સંસાર વહેવારમાં તો અનેક પ્રકારની ગૂંચવણો રીતભાત અને લેવડદેવડને અંગે આવે છે. મુસીબતોનો પાર નથી. એ કામમાં પણ ગૂંચવણો અનેક હતી : કોઇની દીકરી મોટી વયની થઈ ગયેલી હોય અને હજુ કુંવારી હોય, કોઇનો કન્યાકાળ જતો હોય અને કોઇને પૈસાની લેવડદેવડના વાંધા હોય તે સર્વનો ન્યાયી નિકાલ મહાવીર બહુ ઓછું બોલવા છતાં કરતા હતા અને તેમ તેઓ કરે છે તે વાતની તેમની મોટી પ્રતિષ્ઠા થઈ પડી હતી. આથી અનેક માણસો તેમના ન્યાયી નિકાલનો લાભ લેતા હતા અને તેઓ પણ નિઃસ્વાર્થ ફેંસલો કરવામાં રસ લેતાં હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જપ અને ધ્યાન (૧૧)

—દીપચંદ જીવણલાલ શાહ

શ્રી માનવિજયજી ઉપાધ્યાયજીએ રચેલ ચોવીશીમાં પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત ધ્યાન અંગે સુમતિનાથ, પદ્મપ્રભુ, સુપાર્શ્વનાથ અને ચંદ્રપ્રભુજીના સ્તવનોમાં બહુ જ સરળ રીતે વર્ણન કરેલ છે. શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ ટ્રસ્ટે (ખંભાત–વડવા) શ્રી માનવિજયજી ઉપાધ્યાયજીની ચોવીશી તેના ભાવાર્થ સાથે છપાવેલ છે તેમાંથી સંક્ષિપ્ત કરીને ચારે સ્તવનો સાથે તેમના ભાવાર્થ આપેલ છે. ધ્યાનના અભ્યાસીઓને આ આપેલ સ્તવનો સાથેનો સંક્ષિપ્ત ભાવાર્થ ઉપયોગી થશે.

શ્રી માનવિજયજી ઉપાધ્યાયજીએ રચેલ ચોવીશીમાં શ્રી સુમતિજિન સ્તવનમાં પિંડસ્થ ધ્યાન વિષે નીચે પ્રમાણે કહે છે :—

રૂપ અનુપ નિહાળી
  સુમતિજિન તાહરૂં હો લાલ, સુ૦
છાંડી ચપલ સ્વભાવ
  ઠર્યું મન માહરૂં હો લાલ; ઠ૦
રૂપી સરૂપ ન હોત
  જો જગ તુજ દીસતું હો લાલ, જો૦
તો કુણ ઉપર મન્ન
  કહો અમ હીસ તૂં હો લાલ. ક૦ (૧)

આપનું અનુપમ રૂપ જોઈને મારૂં ચપળ મન તેની ચપળતાને ત્યજીને આપમાં ઠર્યું છે. અહો! આપનું દેહધારી સ્વરૂપ જો અમે ન દેખ્યું હોત તો અમારૂં મન કોના ઉપર ખુશી થાત.

હીસ્યા વિણ કિમ શુદ્ધ
  સ્વભાવને ઈચ્છતા હો લાલ, સ્વ૦
ઈચ્છા વિણ તુજ ભાવ
  પ્રગટ કિમ પ્રીછતા હો લાલ; પ્ર૦
પ્રીછયા વિણ કિમ
  ધ્યાનદશામાંહિ લાવતા હો લાલ, ધ્યા૦
લાવ્યા વિણ રસ સ્વાદ
  કહો કિમ પાવતા હો લાલ ક૦ (૨)

ચિત્તની પ્રસન્નતા વગર આપના શુદ્ધ સ્વભાવને સમજવામાં નહીં આવવાથી તે સ્વભાવની ઈચ્છા પણ શી રીતે થાય? અને ઈચ્છા વગર આપનામાં રહેલો પ્રગટપણે શુદ્ધ આત્મભાવ તેને અમે કેમ સમજી શકત? અને તે ભાવ સમજ્યા વગર ધ્યાનદશામાં શી રીતે લાવી શકત? અને ધ્યાનદશામાં લાવ્યા વગર આપના આત્મગુણના અનુભવરસનો સ્વાદ કેવી રીતે પામી શકત?

ભકિત વિના નવિ મુકિત હુયે કોઈ ભગતને
  હો લાલ, હુ૦
રૂપી વિના તો તેહ હુયે કિમ વ્યકતને
  હો લાલ; હુ૦
નવણ વિલેપન માલ પ્રદીપને ધૂપણા
  હો લાલ, પ્ર૦
નવનવ ભૂષણભાલ તિલક શિરખુંપણા
  હો લાલ. તિ૦ (૩)

કોઈ પણ ભકતને આપની ભક્તિ વિના મુકિત ન થઈ શકે અને તે ભકિતની શકિત છતાં આપના પ્રત્યક્ષ સ્વરૂપને જોયા વિના પ્રગટપણાને પામી શકે નહિ. આપ દેહધારી પણે હો તે અવસરે આપનું સ્નાત્ર, ચંદનાદિ શુભ દ્રવ્યનું વિલેપન તથા સુંદર સુગંધયુકત પુષ્પમાળા અને ઉત્તમ પ્રકારના ધૂપ દીપ વળી બાજુબંધ, બેરખા, મુગટ, કુંડળ, ભાલતિલક વગેરે નવાં નવાં ભૂષણોવડે આપને સેવીને એટલે અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજાવડે ભકતજનો શકિતમાં રહેલી ભકિતને પ્રગટપણે લાવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમ સિત પુણ્યને યોગે
તુમે રૂપી થયા હો લાલ, તુ૦
અમૃતસમાણી વાણી
ધરમની કહી ગયા હો લાલ; ધ૦
તેહ આલંબીને જીવ
ઘણાએ બૂઝીયા હો લાલ, ઘ૦
ભાવી ભાવને યોગે
અમો પણ રીઝીયા હો લાલ. અ૦ (૪)

અમારા સેંકડો પુણ્યના યોગે આપ દેહધારી પ્રત્યક્ષરૂપી થયા અને અમૃતસમાન આત્માને કલ્યાણકારી શુદ્ધ ધર્મની વાણી કહી ગયા અને તે આલંબને કરીને ઘણા જીવ પ્રતિબોધ પામ્યા અને ભાવિ ભાવના યોગ બળે અમે પણ પ્રસન્ન થયા છીએ.

તે માટે તુઝ પિંડ
ઘણા ગુણ કારણો હો લાલ, ઘ૦
સેવ્યો ધ્યાવો હુયે
મહાભય વારણો હો લાલ; મ૦
શાંતિવિજય બુધ સીસ
કહે ભવિકાજના હો લાલ, ક૦
પ્રભુનું પિંડસ્થ ધ્યાન
કરો થઈ ઇકમના હો લાલ. ક૦ (૫)

એટલા માટે આપની શરીર આકૃતિ ઘણા પવિત્ર ગુણો પામવાનું કારણ હોવાથી તેનું સેવવું તથા ધ્યાન દ્વારા ધ્યાવવું થાય તે મહા મોહાદિ શત્રુના ભયને નાશ કરનારૂં છે, એમ પંડિત શ્રી શાંતિવિજય ઉપાધ્યાયના શિષ્ય શ્રી માનવિજયજી ઉપાધ્યાય ભવ્ય જીવના હિત કાર્ય માટે ઉપદેશે કે આ પરમાત્માનું પિંડસ્થ ધ્યાન એકમના થઇને કરો.

શ્રી માનવિજયજી ઉપાધ્યાયજીએ રચેલ ચોવીશીમાં શ્રી પદ્મપ્રભુ જિન સ્તવનમાં પદસ્થ ધ્યાન વિશે નીચે પ્રમાણે કહે છે:—

શ્રી પદ્મપ્રભુના નામને,
હું જાઉં બલિહાર ભવિજન.
નામ જપંતા દીહા ગમું,
ભવ ભય ભંજનહાર, ભવિજન. શ્રી૦ (૧)
નામ સુણતાં મન ઉલ્હસે,
લોચન વિકસિત હોય; ભ૦
રોમાંચિત હુયે દેહડી,
જાણે મિલિયો સોય. ભ૦ શ્રી૦ (૨)
પંચમકાલે પામવું,
દુર્લભ પ્રભુ દીદાર; ભ૦
તો હે તેમના નામનો,
છે મોટો આધાર. ભ૦ શ્રી૦ (૩)
નામ ગ્રહે આવી મિલે,
મન ભિતર ભગવાન; ભ૦
મંત્રબલે જીમ દેવતા,
વાહલો કીધે આહવાન. ભ૦ શ્રી૦ (૪)
ધ્યાન પદસ્થ પ્રભાવથી,
ચાખ્યો અનુભવ સ્વાદ; ભ૦
માનવિજય વાચક કહે,
મુકો બીજો વાદ. ભ૦ શ્રી૦ (૫)

ભાવાર્થ:—પદસ્થ ધ્યાનમાં અમુક પદ મંત્રાક્ષરરૂપ હોવાથી પ્રભુના અનંત નામ કે જે નામ લેવાથી પરમાત્મ ગુણનું ભાન થાય તેવા ભાવથી પ્રભુના નામનું ધ્યાન કરવું તે પદસ્થ ધ્યાન કહેવાય છે. ભવ્ય જીવો એ પવિત્ર નામરૂપ મંત્રનું વારંવાર રટણ કરી ધ્યાન કરવા યોગ્ય છે તેથી હું પ્રભુના નામનો જાપ જપતાં દિવસો વ્યતીત થાય તેમ કરૂં છું.

પરમાત્માનું નામ સાંભળતાંની સાથે પ્રભુ યાદ આવવાથી મન ઉલ્લાસમાન થાય છે, અને ચક્ષુઓ વિકસ્વર થાય છે, અને શરીરના સર્વ રોમ ઉભા થઈ જાય છે. જાણે વીતરાગદેવનું નામ લેવાની સાથે સાથે સાક્ષાત્ તે પોતે મળ્યા હોય તેવો અનુભવ થાય છે.

આ દુષમ પાંચમા આરાને વિષે પ્રભુનું દર્શન પામવું ઘણું દુર્લભ છે; તો પણ તેમના નામ સ્મરણથી પ્રભુનું સ્વરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગમાં આવવાથી નામનો પણ મોટો આધાર છે.

પ્રભુના નામનું ઉપયોગપૂર્વક ગ્રહણ થાય તો શુદ્ધચિત્ત રૂપી મંદિરને વિશે પ્રભુનું પધારવું થાય. જેમકે વિધિપૂર્વક મંત્રાદિક વડે આહ્વાન (બોલાવેલો) દેવ હાજર થાય તેવી રીતે સાચા પ્રેમથી એકાગ્ર ધ્યાન વડે પ્રભુનું નામ પણ પ્રભુનો સાક્ષાત્કાર કરાવે છે.

આવો પદસ્થ ધ્યાનનો પ્રભાવ હોવાથી આત્મ અનુભવ રસનો સ્વાદ શ્રીમાનવિજયજી ઉપાધ્યાય કહે છે કે મેં તો એ સ્વાદ ચાખ્યો છે તેથી હવે બીજો સ્વાદ કરવાનું મુકી દયો એમ કહું છું.

શ્રીમાનવિજયજી ઉપાધ્યાયજીએ રચેલ ચોવીશીમાં શ્રી સુપાર્શ્વ જિન સ્તવનમાં રૂપસ્થ ધ્યાન વિશે નીચે પ્રમાણે કહે છે :—

નિરખી નિરખી તુઝ બિંબને,
હરખિત હુયે મુઝ મન સુપાસ સોહામણા.
નિર્વિકારતા નયનમાં,
મુખડું સદા સુપ્રસન્ન. સુ૦ (૧)
ભાવ અવસ્થા સાંભરે,
પ્રાતિહાર જની શોભ. સુ૦
કોડિ ગમે દેવા સેવા,
કરતા મૂકી લોભ. સુ૦ (૨)
લોકાલોકના સવિભાવા,
પ્રતિભાસે પરતક્ષ; સુ૦
તો હે ન રાચે ન વિદ્રૂષે,
નવિ અવિરતિનો પક્ષ. સુ૦ (૩)
હાસ્ય ન રતિ ન અરતિ નહીં,
નહીં ભય શોક દુગંછ; સુ૦
નહીં કંદર્પ કદર્થના,
નહીં અંતરાયનો સંચ. સુ૦ (૪)
મોહ મિથ્યાત નિંદ્રા ગઇ,
નાઠા દોષ અઢાર; સુ૦
ચોત્રીશ અતિશય રાજતા,
મૂલાતિશય ચ્યાર. સુ૦ (૫)
પાંત્રીસ વાણી ગુણે કરી,
દેતા ભવિ ઉપદેશ; સુ૦
ઇમ તુઝ બિંબે તાહરો,
ભેદનો નહિં લવલેશ. સુ૦ (૬)
રૂપથી પ્રભુ ગુણ સાંભરે,
ધ્યાન રૂપસ્થ વિચાર; સુ૦
માનવિજય વાચક વદે,
જિન પ્રતિમા જયકાર. સુ૦ (૭)

રૂપસ્થ ધ્યાન ગર્ભિત આ સ્તવન છે. રૂપસ્થ ધ્યાનનું કારણ પ્રભુની મુદ્રા છે; તેને અત્યંત ઉપયોગપૂર્વક ધારી ધારીને નિહાળવાથી મારૂં મન ઘણું ખુશી થાય છે. પ્રભુના મુખ કમળમાં નિર્વિકારીપણું નજરે પડે છે તેથી મારૂં ચિત્ત આપનું મુખ જોવાથી બહુ પ્રસન્ન થાય છે (૧)

આપની મુદ્રા નિહાળવાથી આપની ભાવ અવસ્થા યાદ આવે છે. દેવોને લીધે ઉત્પન્ન થયેલા અતિશયોમાં મુખ્ય આઠ પ્રાતિહાર્યની શોભા અવર્ણનીય છે. વળી જ્યારે આપ ભાવ તીર્થંકરપણે વિચરતા હતા તે વખતે અસંખ્ય દેવતાઓ સંસારિક સંબંધી પદાર્થનો લોભ ત્યજીને આપની સેવા કરવામાં હાજર રહે છે. (૨)

પ્રતિસમયે લોક અલોકના સર્વ ભાવ સર્વથા પ્રકારે જાણો છો છતાં ઇષ્ટ અનિષ્ટ ભાવપણાના અભાવથી આપ રાગી થતા નથી કે દ્વેષી થતા નથી, તેમ અવિરતિનો પક્ષ પણ આપને નથી એટલે કે અજ્ઞાન, રાગ, દ્વેષ અને અવિરતિ એ ચાર મહાદોષ આપનામાં નથી. (૩)

હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુર્ગંછા, વેદોદય (કામ) દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય એમ બાર દોષ અને ઉપર જણાવેલ ત્રીજી ગાથાના અજ્ઞાન, રાગ, દ્વેષ અને અવિરતિ એમ ચાર

( અનુસંધાન પેજ ૧૦૦ ઉપર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાન જ્યોત

લેખક : શાહ ચતુર્ભુજ જેચંદ

જૈન સિદ્ધાંત પ્રમાણે ગમે તેવા સૂક્ષ્મ પ્રકારના જીવમાં પણ જ્ઞાનનો અનંતમો ભાગ સદા પ્રકાશે છે. તેના આધારે જીવ જીવિતવ્ય સંજ્ઞા અનુભવે છે. જીવનું તે ચૈતન્ય સ્વરૂપ છે. જીવમાં તે જ્ઞાન ન હોય તો જીવ અને અ-જીવમાં, ચૈતન્ય અને જડમાં કાંઈ ભેદ રહે નહિ. જીવની પ્રાથમિક અવસ્થામાં જ્ઞાનનો ઉપયોગ જીવન ધારણ દેહ પૂરતો રહે છે. અને જીવ જ્યારે પોતાના દેહ ઉપરાંત દેહના ધારક આત્માનો વિચાર કરતો થાય ત્યારે કાંઈ ને કાંઈ ધર્મ માર્ગે પ્રવર્તે છે, અને આધ્યાત્મિક વિકાસ થતાં પોતાના શરીર તેમજ આ લોકના સર્વ પૌદ્ગલિક દ્રવ્યો પર્યાયશીલ નાશવંત છે, અને આ સંસારના સર્વ પ્રકારના પૌદ્ગલિક ભાવોથી મુક્ત એવી કર્મ મુક્ત દશા, અનંત જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ શાશ્વતા મોક્ષ સુખને જીવનનું અંતિમ ધ્યેય માને છે. આ પ્રકારની મનોદશા જેને સમ્યક્દર્શન જ્ઞાન પ્રાપ્ત થયું હોય તેમને હોય છે. સુખ પ્રાપ્તિ માટે જીવાત્માની અગાઉ જે ભૌતિક દેહાધ્યાસ બહિર્મુખ દૃષ્ટિ હતી તેના સ્થાને સમ્યક્દર્શનના પ્રભાવથી આધ્યાત્મિક અંતર્મુખ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. અને તેને જે કાંઈ જ્ઞાન હોય અથવા નવું જ્ઞાન મેળવે તે સમ્યક્ રૂપે પરિણમે છે. તે સમ્યક્જ્ઞાનના પ્રકાશ દ્વારા સંસારના સર્વ પદાર્થો ભાવો સંબંધોને યથાર્થ સ્વરૂપે (સમજી હેય–ત્યજવા લાયક અને ઉપાદેય–આરાધના લાયક દૃષ્ટિએ વિચારે છે અનુભવે છે. આ સમ્યક્જ્ઞાન એક એવો જ્ઞાન જ્યોતિર્મય પ્રકાશ છે કે જેને આધારે જીવાત્મા મોક્ષ માર્ગ પ્રતિ પ્રયાણ કરતો રહે છે, અને આ સંસાર ભ્રમણમાં જુદી જુદી ગતિ જાતિના અનેકવિધ સુખદુઃખો અનુભવી સંસાર પ્રત્યે વિરક્તિ કેળવી, રાગ દ્વેષ મોહનો સર્વથા ત્યાગ કરી જન્મ મરણનો સદાકાળ અંત કરે છે અને મોક્ષ સ્વરૂપ

---

જપ અને ધ્યાન (પેજ ૯૯ થી શરૂ)

ચાર દોષ કુલ આપ સોળ દોષરહિત છો (૪)

દર્શન મોહનો સર્વથા ક્ષય હોવાથી આપનામાં મિથ્યાત્વ તેમ દર્શનાવર્ણી કર્મનો ક્ષય હોવાથી આપને નિદ્રાનો દોષ નાશ પામ્યો છે. એ રીતે ઉપરના સોળ દોષમાં મિથ્યાત્વ અને નિદ્રા એ દોષ ઉમેરતાં અઢાર દોષ નાશ પામ્યા છે. હે પરમાત્મા! આપ ચોત્રીશ અતિશયે કરી બિરાજમાન છો જેમાં વિશેષે ચાર અતિશય (૧) વચનાતિશય (૨) જ્ઞાનાતિશય (૩) પૂજાતિશય (૪) અપાયાગમ અતિશય મુખ્ય મૂળરૂપ છે એટલે એ ચાર અતિશય અપૂર્વ છે. (૫)

વચનાતિશય—વાણીના પાંત્રીસ ગુણે કરી ભવ્ય જીવોને ઉપદેશ દ્યો છો એમ આપનું આ બિંબ (ભાવતીર્થંકરપણાને સંભારી આપનાર) હોવાથી કોઈ પણ પ્રકારનો લવલેશ માત્ર ભેદ જણાતો નથી એટલે કે આપની પ્રતિમા અને આપમાં કાંઈ તફાવત નથી. (૬)

આપની મુદ્રા (રૂપ) જોવાથી આપના ગુણોની સ્મૃતિ થાય છે એટલે કે આપના ગુણો યાદ આવે છે, અને આપના સદ્ગુણો વિચારમાં લાવીને રૂપસ્થ ધ્યાન કરી શકાય છે. માટે શ્રી માનવિજયજી ઉપાધ્યાય કહે છે કે રૂપસ્થ ધ્યાનનું કારણ શ્રી જિન પ્રતિમા સદાકાળ જયવંત વર્તો. (૭)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાશ્વતુ સુખ પ્રાપ્ત કરી અનંત જ્ઞાનમય જ્યોતના પ્રકાશમાં સદાકાળ સ્થીર રહે છે.

આવા જ્ઞાનની જ્યોત આપણા જીવનમાં પ્રકાશમાન થાય અને તે પ્રકાશ બીજાઓને પણ મળે તે મનુષ્ય જીવનનું પરમ કર્તવ્ય છે. શાસ્ત્રકાર ભગવંતોએ સમ્યક્જ્ઞાનને સ્વપર પ્રકાશક દીપક સમાન ગણેલ છે. તે સમ્યક્જ્ઞાન રૂપી દીપક પ્રકાશથી જીવાત્મા સંસારમાં રખડાવનાર રઝળાવનાર રાગદ્વેષ મોહ રૂપ અંધારી ઘોર ગુફાઓ અટવીઓ પસાર કરે છે અને બીજાઓને પણ જ્ઞાન પ્રકાશથી તેમ કરવા સહાયભૂત થાય છે. તે જ્ઞાન જ્યોત પ્રગટાવવા શ્રુતજ્ઞાનનો અભ્યાસ અને સ્વાધ્યાય આવશ્યક છે. પરમ ઉપકારી શાસ્ત્રકાર ભગવંતોએ શ્રુતજ્ઞાનનો એવો મહાન વારસો આપેલ છે કે તે જ્ઞાન સરોવરનું થોડું પણ પાન કરનારના સંસારના તાપ અને તૃષ્ણા શાંત થાય છે અને તેમાંથી એક એવી ઝળહળતી જ્યોત પ્રગટે છે કે જેના આધારે જીવાત્મા અનંત દુઃખરૂપ આ સંસાર ભવસાગરને પાર કરે છે.

એવા સમ્યક્જ્ઞાનની જ્યોત જેના હૃદયમાં પ્રગટે અને પ્રકાશતી રહે તેની સર્વ ક્રિયા આત્મદર્શી (આત્માભિમુખ) રહે છે. તેની સંસારમાં રાગદ્વેષ મોહ પરિણતિ મંદ હોય છે. સંસારની ઘણી ક્રિયા કરવા છતાં તેમાં તે આત્મસાત્ થાય નહિ. સંસારના ગમે તેવા સુખમાં તે આત્મીયતા અનુભવે નહિ અને ગમે તેવા દુઃખમાં તે વ્યાકુલ થાય નહિ. સંસારરૂપી કાદવ કીચડમાંથી ઉત્પન્ન થવા છતાં તે કમળ માફક નિર્લેપ રહે છે. સમ્યક્જ્ઞાનની જ્યોતથી જીવાત્મા ચારિત્ર બળને શુદ્ધ પ્રદ કરે છે, તર્ક વિતર્ક શંસયાદિના મોહ જાળમાં ફસાય નહિ, કોઈ બાબત સત્યની પ્રતીતિ વગર પ્રરૂપણા કરે નહિ કે શાસ્ત્ર નામે પણ અસત્ય અથવા મિથ્યા આગ્રહમાં પડે નહિ. જેના હાથમાં જ્ઞાનની જ્યોત ઝળકતી હોય તે કોઈ ખાડામાં પડે નહિ, અંધારામાં અટવાય નહિ. કોઈ વખત પ્રમાદવશ પતન થાય તો પણ જાગૃતિ આવતાં આત્મ શ્રેય સાધનાના માર્ગ ઉપર પાછો આવી જાય છે. સમ્યક્જ્ઞાન દીપકની જ્યોત સમાન છે. તે મોટી હોય કે નાની હોય, દ્વાદશાંગી અને ચૌદ પૂર્વ જેવા વિશાળ વિશિષ્ટ જ્ઞાનથી પ્રભાવિત હોય કે અષ્ટ પ્રવચન માતારૂપ અલ્પ પણ યથાર્થ જ્ઞાનથી ભાવિત હોય તે પણ આત્મશ્રેય સાધના માટે ઉપયોગી છે. પ્રમાદ વશ ચૌદ પૂર્વધરના પણ કારમા પતન થાય અને શુદ્ધ ભાવપૂર્વક પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના ધારકનો ઉદ્ધાર પણ થાય. મુખ્યતા અલ્પ પણ શુદ્ધ જ્ઞાન જ્યોતની શુદ્ધ આત્મ જાગૃતિની છે.

ગમે તેવા શ્રીમંત સુખી સત્તાશીલ વૈભવશાળી મનુષ્ય સંસારની અનેક વિધ જંજાળ પ્રવૃત્તિમાં અટવાય જાય તો સંસારનું સુખ પણ અનુભવે નહિ તેમ આત્મ જાગૃતિ વગર સમ્યક્જ્ઞાન રહિત ગમે તેટલી ધર્મક્રિયાની ધમાલ કરવામાં આવે તો પણ તેને આધ્યાત્મિક સુખ શાંતિ મળે નહિ. જે ધર્મક્રિયાથી આત્મજાગૃતિ આત્મ શુદ્ધિ સધાય નહિ તે ધર્મક્રિયા પણ સંસારની બીજી ક્રિયાઓ માફક બોજારૂપ થઈ પડે છે. એટલે ધર્મક્રિયામાં પણ સતત વિવેક જાગૃતિ રાખવા પડે છે તેથી દરેક ધર્મક્રિયા ધર્માચરણ ઉપશમ વિવેક સંવરની ભાવનાપૂર્વક કરવાના છે. તેમાં વિવેક સમ્યક્જ્ઞાનનો સાર અસાર સમજવાની શક્તિ રૂપ પર્યાય શબ્દ છે તેને મધ્યમાં સ્થાન આપેલ છે. વિવેક વગરનો ઉપશમ ભાવ કર્તવ્ય શૂન્ય નબળાઈમાં વિવેક વગરનો સંવર દ્રવ્યચારિત્રના બાહ્યાચારમાં પરિણમે છે. જેનામાં વિવેકપૂર્વક જ્ઞાનની જ્યોત ઝળકે છે તે ગમે તેવા ક્રોધાદિ કષાયોના કારણો વચ્ચે પણ ઉપશમ સમભાવ ધારણ કરે છે, અને સંવર–સંયમ પાલનમાં ઘણી ઘણી ઘણી કઠણાઈ કષ્ટો ઉપસર્ગો આવવા છતાં

For Private And Personal Use Only

અહિંસાદિ સંયમ માર્ગથી ચલિત (પતીત) થાય નહિ.

હાલનો કાળ ઘણો જ વિષમ છે. સંસારની ઘણી ઘણી પ્રવૃત્તિ દોડધામ માટે વખત મળે છે પણ જેનાથી આત્માનું શ્રેય સધાય છે તે શ્રુતજ્ઞાનના અભ્યાસ સ્વાધ્યાય માટે ચોવીસ કલાકમાં એક કલાક પણ મળતો નથી. ભૌતિક સુખ સાધના આનંદ પ્રમોદ માટે એટલી બધી પ્રવૃત્તિ દોડધામ ચાલે છે કે આત્માને જ લગભગ ભૂલાઈ જવાય છે. આ દેહ અને શરીરના સંબંધોમાં જ આત્મસુખ માની બધી પ્રવૃત્તિ ચાલે છે. જૈનેતર કોમ સમાજના હિસાબે જૈનોમાં ધર્મભાવના ઘણી ઉંચી છે. જુદી જુદી ધર્મક્રિયાઓ, વિધિ વિધાનો ઉત્સવો, મહોત્સવો એટલા મોટા પ્રમાણમાં થાય છે કે તે ઉપરથી જ ધર્મભાવનાનું માપ કાઢવું હોય તો ઘણા મોટા ભાગના જૈનોનું જીવન ચોથા આરાના ભાવ માફક શુદ્ધ ધર્મ પરાયણ હોવું જોઇએ. પણ બારીકાઇથી જોનાર છાતીએ હાથ દઇને એમ કોઇ કહી શકે તેવું નથી. ઉલટું થોડા અપવાદ સિવાય બીજાઓ માફક જ આપણે રાગદ્વેષથી ભરેલા, કંઈક જાતના માન પાન મોહ કષાયથી રંગાએલા, આર્થિક રીતે સુખી હોવા છતાં વેપાર ધંધામાં મોટા ભાગે ન્યાય નીતિ વિરૂદ્ધ ચાલનારા, પાપ કર્મો જેમના તેમ કરવા ચાલુ રાખી રોજ પાપની આલોયણા પ્રતિક્રમણ કરનારા, ઘણા દેવ દર્શન, પૂજા પ્રભાવના, વ્રત તપશ્ચર્યા યાત્રાદિક પ્રવૃત્તિ આત્મભાવ અને કર્મનિર્જરા બુદ્ધિથી કરવાને બદલે મોટા ભાગે આ ભવ પરભવના પૌદ્‌ગલિક સુખ સાધના માટે કરનારા આ કાળમાં ઘણા ખરા છે. વીતરાગ પ્રણીત શુદ્ધ દેવ ગુરુ ધર્મની ઉપાસના કરવાને બદલે પૌદ્‌ગલિક સુખની માન્યતાએ દેવ દેવીઓ ગ્રહપૂજન અને બ્રાહ્મણોના જેવા હોમ હવન વિધિએ ઘણું જોર પકડેલ છે.

કોઇ આચાર્યે કોઈ કારણસર મિથ્યાત્વી જેવા દેવની કોઇ સ્થળે સ્થાપના કરતાં મુંબઇમાં એક મંદિરમાં બિરાજતા ભગવાન મહાવીરને ભૂલી તેમાં સ્થાપિત કરેલા તે દેવને મહાવીરનું બળતું નામ આપી તેના મોટા પાયા ઉપર આંગી ધૂપ જાપ થાય છે અને તેની માનતા રાખી ભંડારો ભરાય છે. આ રીતે ઘણી ઘણી ધર્મ ક્રિયા ધર્મ પ્રવૃત્તિ પાછળ દર વરસે નિરર્થક લાખો રૂપિયા ખર્ચીને બહારના આડંબર દેખાવ કરવા સિવાય જૈનોમાં આંતર શુદ્ધિ જીવન શુદ્ધિ જેવું બહુ ઓછું દેખાય છે. આધ્યાત્મિક તો શું પણ આપણું સામાજિક અને નૈતિક જીવન ધોરણ પણ બીજાઓ કરતાં ઊંચુ છે તેમ ભાગ્યે જ કહી શકાય તેવું છે. તેનું કારણ એ છે કે મૂળ પાયામાં આપણા ઘણાખરાની ધર્મ ક્રિયાઓ સમ્યક્‌દર્શન અને જ્ઞાન વગરની હોય છે, જે માટે મહાન યોગી પુરૂષ આનંદઘનજી મહારાજે અનંતનાથ ભગવાનના સ્તવનમાં ધર્મક્રિયા વિષે કહેલ છે તેમ—

એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી
ફળ અનેકાંત લોચન ન દેખે
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા
રડવડે ચાર ગતિ માંહે લેખે.
ધાર તરવારની૦ ૨

દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે
કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ ક્રિયા કરે
છાર પર લીંપણું તેહ જાણો.
ધાર તરવારની૦ ૫

આપણા ઘણા ખરાની સ્થિતિ છે. તેના બદલે પૂ. દેવચંદ્રજી મહારાજે ભગવાન મહાવીરના સ્તવનમાં કહેલ છે તેમ—

સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે
દરિશન શુદ્ધના તેહ પામે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન ધર્મ પ્રકાશ : સં. ૨૦૨૩ના કાર્તિક માસથી આસો સુધીની

# વાર્ષિક અનુક્રમણિકા

### પદ્ય વિભાગ



| ક્રમ | નામ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષ શુભાશિષ | દીપચંદ જીવણલાલ શાહ | ૧ |
| ૨ | ૨ નૂતન વર્ષાભિનંદન | ,, | ૧ |



### ગદ્ય વિભાગ



| ક્રમ | નામ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી વર્ધમાન મહાવીર : મણકો રજો, લેખાંક ૧૯ | મૌક્તિક | ૩ |
| ૨ | જપ માટેના મંત્રો (૫) | દીપચંદ જીવણલાલ શાહ | ૬ |
| ૩ | મોભ અને એના સંબંધીઓ | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૯ |
| ૪ | ધન્ય દંપતિ | ,, | ૧૦ |
| ૫ | શંનેજ તીર્થનો મહીમા | માણેકલાલ છગનલાલ મહેતા | ૧૧ |
| ૬ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક ૨૦ | મૌક્તિક | ૧૩ |
| ૭ | પુષ્પદન્ત કૃત મહાપુરાણ | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૭ |
| ૮ | ધ્યાન (૬) | દીપચંદ જીવણલાલ શાહ | ૨૦ |
| ૯ | બ્રહ્મચર્ય | શાહ ચત્રભુજ જેચંદભાઈ | ૨૭ |
| ૧૦ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક ૨૧ | મૌક્તિક | ૨૭ |
| ૧૧ | કાયોત્સર્ગ (૭) | દીપચંદ જીવણલાલ શાહ | ૩૧ |
| ૧૨ | બ્રહ્મચર્ય | શાહ ચત્રભુજ જેચંદભાઈ | ૩૬ |
| ૧૩ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક ૨૨ | મૌક્તિક | ૩૯ |
| ૧૪ | ધ્યાનનું ગૂઢ રહસ્ય (૮) | દીપચંદ જીવણલાલ શાહ | ૪૩ |
| ૧૫ | સ્થાનિક સમાચાર | | ૪૮ |
| ૧૬ | મુનિરાજ શ્રી વિશાળવિજયજીનો સ્વર્ગવાસ | | ૪૯ |



---

### જ્ઞાન જ્યોત (પેજ ૧૦૨ થી ચાલુ)

જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી
કર્મ જીપી વસે મુક્તિ ધામે.
તાર હો તાર પ્રભુ૦

દેવ ગુરુ ધર્મ પ્રત્યે શુદ્ધ શ્રદ્ધાન પૂર્વક ધર્મ ક્રિયા કરવી જોઇએ. જૈનોમાં હાલમાં પણ જે ઊંચી ધર્મભાવના છે તેને જ્ઞાન ગર્ભિત સમ્યક્‌જ્ઞાન વાસિત કરવામાં આવે તો ઘણી ધર્મ ક્રિયાઓ જીવન શુદ્ધિ અને આધ્યાત્મિક દૃષ્ટિએ ફળવતી થઇ શકે તેમ છે. એટલા માટે સમજણ વગર થતી ઘણી ધર્મ ક્રિયાઓ ઉપર ભાર આપવા બદલે પ્રથમ સમ્યક્‌જ્ઞાનની જ્યોત સૌના હૃદયમાં પ્રગટે અને ઝળકે તે અનુસાર સૌ આવશ્યક ધર્મ ક્રિયાપૂર્વક આત્મશ્રેય સાધે એ જ અભ્યર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| ક્રમ | નામ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧૭ | જિનપ્રભસૂરિકૃત સાતસો સ્તોત્ર | હીરાલાલ ર. કાપડિયા | ૫૧ |
| ૧૮ | સમાલોચના | | ૫૪ |
| ૧૯ | શ્રી વર્ધમાન મહાવીર : મણકો ડજો, લેખાંક ૨૩ | મૌક્તિક | ૫૩ |
| ૨૦ | ધ્યાનનું ગૂઢ રહસ્ય (૯) | દીપચંદ જીવણલાલ શાહ | ૫૭ |
| ૨૧ | આગમોના અધ્યયન માટેનું સાહિત્ય | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૬૨ |
| ૨૨ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક ૨૪ | મૌક્તિક | ૬૫ |
| ૨૩ | શ્રી હરિભદ્રસૂરિજી મહારાજનું જીવન અને સર્જન (લેખાંક ૨) | ભદ્રગુપ્તવિજયજી | ૬૯ |
| ૨૪ | સાહિત્ય સમ્રાટ શ્રી હેમચંદ્રસૂરિજી | ફતેહચંદ ઝવેરભાઇ | ૭૦ |
| ૨૫ | આગમોના અધ્યયન માટેનું સાહિત્ય (૨) | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૭૩ |
| ૨૬ | સ્થાનિક સમાચાર | | ૭૮ |
| ૨૭ | સમાલોચના | | ૮૦ |
| ૨૮ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક ૨૫ | મૌક્તિક | ૮૧ |
| ૨૯ | ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર | આ. શ્રી દેવેન્દ્રસાગરસૂરીજી | ૮૫ |
| ૩૦ | જપ (૧૦) | દીપચંદ જીવણલાલ શાહ | ૮૯ |
| ૩૧ | સમાલોચના | | ૯૩ |
| ૩૧ | માનસિક સ્વાસ્થ્ય એટલે શું | | ૯૩ |
| ૩૨ | વાણી | | ૯૩ |
| ૩૩ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક ૨૬ | મૌક્તિક | ૯૩ |
| ૩૪ | જપ (૧૧) | દીપચંદ જીવણલાલ શાહ | ૯૭ |
| ૩૫ | જ્ઞાન જ્યોત | શાહ ચત્રભુજ જેચંદભાઈ | ૧૦૦ |
| ૩૬ | ફતેહચંદ ઝવેરભાઈની સંક્ષિપ્ત જીવન ઝરમર | | |
| ૩૭ | શેઠશ્રી નગીનદાસ કરમચંદ સંઘવીની સંક્ષિપ્ત જીવન ઝરમર | | |
| ૩૮ | સ્વર્ગવાસ નોંધ | | |
| ૩૯ | સમાલોચના | | |
| ૪૦ | આભાર | | |



## શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્‌ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાએલ છે. પાના ૩૦૪-ફોર્મ ૩૮. બહુ થોડી નકલો હોવાથી તુરતજ મંગાવી લેશો. બુકની કિંમત રૂા. પાંચ. પોસ્ટેજ રૂા. ૨). લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### સ્વર્ગસ્થ ફતેહચંદ ઝવેરભાઈની સંક્ષિપ્ત

## જીવન ઝરમર

ભાવનગરના વતની અને વેપાર અંગે મુંબઇ વસેલા શ્રીયુત ફતેહચંદ ઝવેરભાઈ શાહનું તા. ૧-૯-૬૭ના રોજ ખ્યાશી વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયેલ છે.

" છે માનવી જીવનની ઘટમાળ એવી,
દુઃખ પ્રધાન સુખ અલ્પ થકી ભરેલી. "

તેમનું જીવન દુઃખો અને ઉપાધિઓ વચ્ચે પસાર થયેલ છે છતાં માનસિક સ્વસ્થતા અને પ્રસન્નતા તેમણે સાચવેલ છે, તેમાં ધાર્મિક ગ્રંથોનું વાચન અને મનનનો તથા સદ્ગુરુઓના શાસ્ત્રીય વ્યાખ્યાન શ્રવણનો હિસ્સો છે એમ કહીએ તો ખોટું નથી. તેઓ માનતા હતા કે "जातस्य हि ध्रुवं मृत्यु" આ સૂત્ર અનુસાર જન્મ લેનાર દરેક મનુષ્યનું અવશ્ય મૃત્યુ થાય છે પણ મૃત્યુ એ બે જન્મો વચ્ચેનું દ્વાર છે તેથી આ જન્મમાં શુભ ભાવનાઓ વડે જે સંસ્કારો આત્મા પર પાડી શકાય તે સંસ્કારો પછીના જન્મોમાં સમૃદ્ધ અને વિકસિત થાય છે. તેઓશ્રી શેત્રુંજયની નવાણું યાત્રા વિધિપૂર્વક કરવાની અભિલાષા રાખતા હતા, પણ કેન્સરના અસાધ્ય રોગના હુમલાથી તેઓ નવાણું યાત્રા કરી શકયા નહિ. એક વર્ષ પહેલાં તેમની શારિરીક તંદુરસ્તી ઘણી સારી હતી. તેઓની ઉંમર આશરે ૮૧ વર્ષની થયેલ હતી તો પણ તેઓ યુવાન જેવા જણાતા હતા. આવા મિતાહારી અને નિર્વ્યસની સજ્જન મનુષ્યને કેન્સર જેવો ભયંકર રોગ થાય તો એમ માન્યા વિના રહી શકાય નહિ કે પુનર્જન્મ છે જ અને ભૂતકાળમાં કરેલ અશુભ કર્મોના ફળોને જરૂર ભોગવવા પડે છે.

તેઓ જૈન ધર્મના તત્વજ્ઞાનના અભ્યાસી અને ચિંતનકાર હતા. તેમણે ત્રીશ કરતાં વધારે જૈનધર્મના ગ્રંથોની પ્રસ્તાવના, અને આમુખ તલસ્પર્શી અને રોચક ભાષામાં લખેલ છે. તેમણે ઘણા વર્ષો સુધી શ્રી આત્માનંદ માસિકમાં "નૂતન વર્ષાભિનંદન" સુંદર અને રોચક ભાષામાં લખેલ છે. મારો અનુભવ છે કે તેઓ ઘણા જૈન માસિકોના ગ્રાહક હતા અને દરેક માસિક બહુ ઝીણવટથી વાંચતા હતા અને તેમાં કોઇ શાસ્ત્રીય ભૂલો હોય તો તે ભૂલો તરત જ માસિકોના તંત્રીઓને જણાવતા હતા. વળી તેઓ મારા જેવા ઉગતા તંત્રીને ઉત્સાહ પણ આપતા હતા. તેઓ ભાવનગર આવતા હતા ત્યારે સભામાં એક વખત તો જરૂર આવતા હતા અને સભા કેવી રીતે સમૃદ્ધ અને સુંદર કાર્ય કરતી બને તે માટે સૂચનો પણ કરતા હતા. ઉપાશ્રયોમાં વ્યાખ્યાન સાંભળતી વખતે તેઓ કોઇ કોઈ વાર વ્યાખ્યાનકાર મુનિને પ્રશ્નો પૂછતા હતા અને તેમના વ્યાખ્યાનને રસિક અને રોચક બનાવતા હતા.

તેઓ "Time is money" એ સૂત્રને બરાબર અનુસરતા હતા. કોઇને મળવાનો જે વખત આપ્યો હોય તે વખતે તેઓ જરૂર આવ્યા વિના રહેતા નહિ અને વખતે તેમ ન બની શકે તેવું હોય ત્યારે તે સંબંધી તેમને અગાઉ જણાવ્યા વિના રહેતા નહિ. વળી કોઇએ તેમને અમુક સમયે મળવા માટેનો સમય નક્કી કરેલ હોય તો તે મુકરર સમયે તેઓ પોતાને ઘરે હાજર રહેવાનો યત્ન કરતા હતા કે જેથી મળવા આવનારને નિરાશા પ્રાપ્ત થાય નહિ.

તેઓએ અનેક સંસ્થાઓને પોતાની સક્રિય સેવાઓ આપેલ છે. ખાસ કરીને ભાવનગરમાં આવેલ શ્રી આત્માનંદ સભા અને મુંબઈમાં આવેલ શ્રી ધાર્મિક શિક્ષણ સંઘ. તેઓ ચોકક્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg No. G 50

માનતા હતા કે કોલેજમાં ભણતા જૈન વિદ્યાર્થીઓ અને જૈન વિદ્યાર્થીનીઓને જૈનધર્મનું શિક્ષણ આપ્યા વિના ચાલશે જ નહિ; તેથી શ્રી ધાર્મિક શિક્ષણ સંઘના દરેક મેળાવડામાં તેઓ અવશ્ય હાજરી આપતા હતા અને સંઘની પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે સુંદર પ્રવચનો પણ કરતા હતા.

આવા એક ધર્મશ્રદ્ધાળુ અને સેવાભાવી સજ્જનની જૈન સમાજને ખોટ પડેલ છે. શાસનદેવ તેમના આત્માને શાંતિ આપો એ જ પ્રાર્થના.

## સ્વર્ગસ્થ શેઠશ્રી નગીનદાસ કરમચંદ સંઘવીની સંક્ષિપ્ત

## જીવન ઝરમર

શેઠશ્રી નગીનદાસ કરમચંદ સંઘવીનો જન્મ પાટણ શહેરમાં સંવત ૧૯૩૬ના આસો સુદ પાંચમના રોજ થયો હતો. તેઓશ્રી જૈન શાસ્ત્રોના ઊંડા અભ્યાસી હતા. ધાર્મિક સાહિત્યના સંશોધન અને પ્રકાશનમાં સક્રિય રસ લઇ તેઓએ ઉદાર હાથે ધન વેર્યું છે. તેઓશ્રીનું અંગત જીવન સાદુ અને નિરભિમાની અને ધર્મનિષ્ઠ હતું. તેમનો સ્વભાવ શાંત, ભદ્રિક અને મિલનસાર હતો. છેલ્લાં કેટલાંએ વર્ષોથી નિવૃત્તિ લઇ ધર્મધ્યાન અને ધર્મ પ્રવૃત્તિમાં તેઓ જીવન વ્યતિત કરતાં હતાં. છેલ્લાં અમુક વર્ષોથી રોજના આઠ સામાયિક, સવારનું અને સાંજનું પ્રતિક્રમણ અને દરરોજના ૧૦૦૦૦ નવકાર મંત્રનો જાપ, તત્વચિંતન અને અન્ય પ્રકારનું વાંચન અને મનન કરતાં હતાં. તેમણે કચ્છ ગીરનારનો કાઢેલો મહાન સંઘ ચિરસ્મરણીય રહેશે. આ સંઘ વખતે તેમણે રૂા. પાંચ લાખ વાપર્યા હતા. પાટણમધ્યેની કેટલીક સંસ્થાઓમાં તેમણે સારી એવી સખાવતો કરેલ છે. તેઓ મુંબઇની અમુક સંસ્થાઓના ટ્રસ્ટી હતા, વળી મહેસાણાની શ્રી જૈન શ્રેયસ્કર મંડળના તથા શ્રી યશોવિજયજી સંસ્કૃત પાઠશાળાના ટ્રસ્ટી તરીકે રહી તન, મન અને ધનથી તે સંસ્થાઓને સેવાઓ અર્પણ કરી હતી. વળી અમુક તીર્થોના જીર્ણોદ્ધાર કરવામાં સારી એવી રકમો આપી હતી.

સં. ૨૦૨૩ના ભાદરવા શુદ છઠ્ઠના રોજ અંધેરી મુકામે ૮૭ વર્ષની ઉંમરે તેમનો સ્વર્ગવાસ થયેલ છે. શાસનદેવ તેમના આત્માને શાંતિ અર્પો એ જ પ્રાર્થના.

## સ્વર્ગવાસ નોંધ

શાહ પ્રભુદાસ માવજીભાઇનું ભાવનગર ખાતે શ્રા. વ. ૧૨ શુક્રવાર તા. ૧-૯-૬૭ના રોજ ૮૦ વરસની ઉંમરે અવસાન થયેલ છે તે જાણી અમો ઘણા દિલગીરી થયા છીએ. તેઓશ્રી આ સભાના વાર્ષિક સભાસદ હતા અને શ્રી લોંકાગચ્છ ઉપાશ્રયના પ્રમુખ હતા. સ્વભાવે મિલનસાર હતા. તેમના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only